# એમ.બી.એ. કોર્ષમાં એડમીશન અંગેની માહિતી

1. એમ.બી.એ. અભ્યાસક્રમના એડમીશન ગુજરાત સરકારની મધ્યસ્થ પ્રવેશ સમિતી (Admission Committee for Professional Courses, ACPC) દ્વારા હાથ ધરવામાં આવે છે. એડમીશન અંગેની તમામ માહિતી ACPCની વેબસાઇટ http://www.jacpcldce.ac.in/mba.asp પર મુકવામાં આવે છે. તેમજ આ અંગેની જાહેરાત ACPC દ્વારા વર્તમાન પત્રોમાં પણ આપવામાં આવે છે. તે મુજબની પ્રવેશ અંગેની પ્રક્રિયા વિધાર્થીઓએ કરવાની રહેશે.
2. એમ.બી.એ. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે કોઈપણ વિધાશાખામાં ગ્રેજ્યુએટ હોવા જરૂરી છે. (કેટેગરી વાઈઝ એડમીશન માટેની ટકાવારી : OPEN-50%, SEBC(OBC),SC,ST-45%).
3. વિધાર્થીએ CMAT પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. સીમેટ પરીક્ષા ક્યારે લેવામાં આવે છે તેની જાણકારી માટે http://www.aicte-cmat.in વેબસાઈટની મુલાકાત લેવી.
4. જે વિધાર્થીએ સીમેટ પરીક્ષા પાસ કરેલ નથી તેઓએ NON CMAT પ્રવેશ અંગેની ACPC કમિટીની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. જે માટે ACPC વેબસાઇટ http://www.jacpcldce.ac.in/mba.asp તેમજ આ અંગેની જાહેરાત ACPC દ્વારા વર્તમાન પત્રોમાં આપવામાં આવે છે. તે મુજબની કાર્યવાહી વિધાર્થીઓએ કરવાની રહેશે.
5. સીમેટના કટ ઓફ માર્કસ, રેન્ક, હેલ્પ સેન્ટરની માહિતી માટે ACPCની વેબસાઈટ http://www.jacpcldce.ac.in/mba.asp ની મુલાકાત લેવી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એમ.બી.એ. કોર્ષના સીલેબસની માહિતી માટે http://sumba.org.in/mbaprog.php વેબસાઈટની મુલાકાત લેવી.
6. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એમ.બી.એ. ભવનમાં ગ્રાન્ટ-ઈન-એઈડ તથા સેલ્ફ ફાઈનાન્સ બે વિભાગ છે. ગ્રાન્ટ-ઈન-એઈડમાં ૭૫ સીટ અને સેલ્ફ ફાઈનાન્સમાં ૩૬ સીટ છે. ગ્રાન્ટ-ઈન-એઈડ માં પ્રથમ વર્ષની ફી રૂ. ૧૩,૭૭૦/- રહેશે. સેલ્ફ ફાઈનાન્સમાં પ્રથમ વર્ષની ફી રૂ. ૫૦,૬૪૦/- રહેશે. ફીની ચુકવણી સેમેસ્ટર વાઈઝ કરવાની રહેશે. વિધાર્થીએ ૮૦% હાજરી ફરજીયાત આપવાની રહેશે(એક્સટર્નલ કોર્ષ નથી). એમ.બી.એ.ની ડિગ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આપવામાં આવશે. ડિપાર્ટમેન્ટમાં અભ્યાસનો સમય સવારે ૧૧:૦૦થી સાંજના ૦૫:૩૦ સુધીનો રહેશે.
7. જે વિધાર્થીએ સીમેટ પરીક્ષા પાસ કરેલ નથી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એમ.બી.એ. ભવનમાં એડમીશન લેવા ઈચ્છતા હોય તેઓએ તેમનું નામ, મોબાઈલ નંબર એમ.બી.એ. ભવનની ઓફીસમાં નોંધાવવાનું રહેશે. જેથી તેઓને SMS દ્વારા માહિતી પહોચાડી શકાય.